श्री महालक्ष्म्यै नमः

उतिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत

महालक्ष्मी प्रसन्नाऽस्तु

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત**

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં. A/3352, અમદાવાદ

# શ્રી મહાલક્ષ્મી માતાજી

## મહુધા, જિ. ખેડા



श्री महालक्ष्म्यै नमः | उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत | महालक्ष्मी प्रसन्नाऽस्तु

“જાગો, ઊઠો, વિરમો નહિ, સાધો આશય ના જ્યાં સુધી”

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.** રજી. નં. A/3352, Ahmedabad

# શ્રીગૌડ જાગૃતિ
## મુખપત્ર


પ્રકાશક અને પ્રમુખ : શ્રી કમલેશ એસ. પાઠક, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

એપ્રિલ થી સપ્ટેમ્બર : ૨૦૨૨ | www.sssgujarat.org

**મંત્રી**
**શ્રી યોગેશ શુક્લ**
**મો. ૯૮૨૪૦ ૫૮૭૯૯**
**ખજાનચી**
**શ્રી પ્રવિણ પુરોહિત**
**મો. ૯૮૨૪૩૫૮૨૯૭**
**તંત્રી**
**પ્રિ.ડો. બંસીધર ઉપાધ્યાય**
**મો. ૯૮૨૪૪ ૦૬૩૮૧**

**સંપાદક**
**શ્રી રાજેશ પંડ્યા**
**મો. ૯૯૯૮૭ ૧૬૫૭૭**

**તંત્રી મંડળ**
**શ્રી જ્યંત જોષી**
**મો. ૯૬૦૧૯ ૯૫૫૬૭**
**શ્રી રાજેશ દવે**
**મો. ૮૯૧૦૦ ૭૧૨૭૯**
**શ્રી ધ્રુવ શુક્લ**
**મો. ૯૪૨૯૩ ૫૫૬૫૩**
**શ્રી પાર્થ પાઠક**
**મો. ૯૫૧૦૧૮૭૨૦૧**



તંત્રીશ્રીની કલમે...

સુજ્ઞ શ્રીબંધુઓ, વડિલો, મુરબ્બીઓ, મિત્રો, સર્વેને પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાયના સસ્નેહ જય મહાલક્ષ્મી.

ઘણા સમયે એપ્રિલ-૨૦૨૨ પછી આ શબ્દ દેહે મળી રહ્યો છું.

સમસ્ત શ્રીગૌડ સમાજનું કામ મંથર ગતીએ પણ અવિરત ચાલુ રહ્યું છે. આથી તો મળવાનું થયું. અત્યંત ઝડપીથી ભૌતિક વિજ્ઞાનનાં ઉડાન ભરી રહેલા આપણે સૌ જ્ઞાતિ પ્રત્યે ઉદાસીન થતા જઈએ છીએ તેને કારણે જ કંઈ કરી શક્તા નથી. આ જાગૃતિના પી.ડી.એફ.ના પ્રકાશનમાં પણ કેટલી જાહેરાતો કરી પણ કોઈ આગળ આવી પોતાની જાહેરાતો, સમાચારો, શ્રદ્ધાંજલિઓ, લેખો, કાવ્યો કશું જ આપતા નથી. અત્યારે જે કંઈ મળ્યું છે તે વારંવાર જાણીતા મિત્રોની પાસેથી ઉઘરાણી કરીને ગોઠવ્યું છે, તો બીજી શું સહાયની અપેક્ષા રાખી શકાય! આપ, સૌ આ માટે તત્પરતા દાખવી આગળ આવો. જાહેરાત માત્ર રૂ. ૫૦૦ કે ૮૦૦ ની હોય છે તે આપોને અપાવો. આ જાગૃતિનો ખર્ચ તો નીકળે ને? ક્યાં સુધી હોદ્દેદારો ખર્ચા ક્યા કરશે. આપણી પાસે એવું કાયમી મોટું ભંડોળ નથી કે અંક છાપી હાર્ડ કોપી બધાના ઘરે પોષ્ટ કરી શકીએ. માટે મારી નમ્ર વિનંતી છે કે આ માટે સૌ નાનાં, મોટા, વડિલો આગળ આવો.

આપણા સમાજની ધરતી વિકાસ મંડળ, નારણપુરાના હોલમાં સામાન્ય સભા મળી હતી. તેમાં ઓછી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહેલ હતા. આટલો મોટો સમાજ, ૧૦-૧૫ જેટલા ટ્રસ્ટીઓ (નવા ઉમેરાયેલા સાથે) હોવા છતાં સંખ્યા પણ ભેગી કરી શક્તા નથી તો બીજી પ્રવૃત્તિઓ કેવી રીતે કરી શકાય. ઘણું કરવું છે પણ કોઈ ઉત્સાહ, પ્રતિભાવો આવતા ન હોવાથી પ્રમુખશ્રી, મંત્રીશ્રી, તંત્રીશ્રી કે અન્ય હોદ્દેદારો એકલા શું કરે ? ડાકોર બાલબ્રહ્મચારી આશ્રમનું કામ સુપેરે પાર પડ્યું હવે તેમાં પણ ઘણું કરવું છે. નવરાત્રીમાં ગરબા, શરદ પૂનમના કાર્યક્રમ વગેરે ઘણું કરવું છે. આ માટે આગળ આવો, હાથ લંબાવો અને સૌ સમાજ માટે એક અને નેક બનીને તેવી અભ્યર્થના.

સંગચ્છધ્વં... સંવદધ્વં.... એ વૈદિકમંત્રને સાર્થ કરીયે.

અસ્તુ.

પ્રિ.ડૉ. બંસીધર એન. ઉપાધ્યાય,
તંત્રીશ્રી, જાગૃતિ, મુખપત્ર - સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

# મંત્રીશ્રીનો અહેવાલ

વ્હાલા સ્નેહી શ્રીબંધુઓ, ભગીનીઓ, સસ્નેહ જય મહાલક્ષ્મી.



કોરોના મહામારીના લાંબા અવકાશ બાદ સમાજની વાર્ષિક સાધારણ સભા તા.૦૧-૦૫-૨૦૨૨ના રોજ અમદાવાદ મુકામે ધરતી વિકાસ મંડળ, નારણપુરાના હોલમાં મળી હતી. જેમાં સારી એવી સંખ્યામાં શ્રીબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. સાધારણ સભામાં એજન્ડા મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી તેમાં પ્રથમ સમાજના પ્રમુખશ્રી કમલેશભાઈ પાઠકક, પૂર્વપ્રમુખ પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાય, શ્રી જયંતભાઈ જોષી, શ્રી યોગેશભાઈ શુક્લ, શ્રી પ્રવિણભાઈ પુરોહિત, શ્રી ધ્રુવભાઈ જોષી તથા અન્ય ટ્રસ્ટી મંડળના સભ્યો દ્વારા દીપપ્રાગટ્ય કરી, શ્રી હેતલભાઈ અને શ્રી ભગવતભાઈએ મહાલક્ષ્મી માતાજીની સ્તુતી કરીને સભાની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ સમાજના દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ પ્રમુખશ્રી કમલેશભાઈએ સ્વાગત પ્રવચન કર્યું. ત્યારબાદ મંત્રી તરીકે છેલ્લા બે વર્ષ દરમ્યાન સમાજની કાર્યવાહીનો અહેવાલ રજૂ કર્યો. ખજાનચી શ્રી પ્રવિણભાઈએ સમાજના સને ૨૦૧૯-૨૦ અને સને ૨૦૨૦-૨૧ના હિસાબો રજૂ કરવામાં આવ્યાં. જે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં. ચેરીટી કમિશ્નરશ્રીએ મંજુર કરેલ નવા બંધારણના અમલીકરણમાં વહીવટી સરળતા રહે તે માટે કેટલાક સુધારાની દરખાસ્ત કરવામાં આવી. જે સર્વેએ ગ્રાહ્ય રાખી. નવાબંધારણમાં ટ્રસ્ટી મંડળના સભ્યોની સંખ્યા ૧૫ મંજૂર થયેલ છે જેની સામે હાલમાં નવ ટ્રસ્ટીઓ હોઈ બાકીના નવા ટ્રસ્ટીઓની નિમણુંક કરવાની થતી હોવાથી સામાન્યસભામાં તેની કાર્યવાહી હાથ ધરી ટ્રસ્ટીઓની નિમણુંક કરવામાં આવી. ત્યારબાદ શ્રી હેતલભાઈ શુક્લએ સૂચિત સામાજિક સુરક્ષા યોજના વિશેની જાણકારી આપી. અને સમાજના હિતમાં સૌ કોઈ જોડાય તેવી અપીલ કરવામાં આવી. શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા વિદ્યાર્થીઓને ચંદ્રકો આપવામાં આવે છે તે નીતિની નવેસરથી સમીક્ષા કરવી જરૂરી હોઈ તે માટેની કમીટી નીમવા સભાની બહાલી મેળવવામાં આવી. છેલ્લે પ્રમુખશ્રી તરફથી ડાકોર ખાતે ચાલી રહેલ નવા પ્રોજેક્ટની સંક્ષીપ્ત માહિતી તથા સમાજની આગામી વિકાસલક્ષી યોજનાઓની આછી ઝલક આપી સૌને માહીતગાર કર્યા. અંતમાં શ્રી જયંતભાઈ જોષી દ્વારા આભારવિધી કરવામાં આવી. ત્યારબાદ સાધારણસભાની કાર્યવાહી ખૂબ જ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ. પરંતુ બ્રહ્મભોજન સિવાય સભાની પૂર્ણાહુતી ન થાય એટલે સર્વે પધારેલ શ્રીબંધુઓને પ્રમુખશ્રી કમલેશભાઈ પાઠક તથા શ્રી વિપુલભાઈ ભટ્ટ તથા શ્રી ધ્રુવભાઈ જોષીના સહયોગથી યોજાયેલ બ્રહ્મભોજનનો અને ત્યારબાદ શ્રી વિપુલભાઈ પંડ્યા તરફથી આઈસ્ક્રીમનો આસ્વાદ માણ્યો.

આ પ્રસંગે નવા વરાયેલ ટ્રસ્ટીશ્રી ધર્મેશભાઈ પંડ્યા, સાવલી તરફથી તથા તેઓના સ્નેહીજનો તરફથી સમાજના વિકાસલક્ષી કાર્યો માટે રૂ. ૫૧૦૦૦/- આર્થિક યોગાદન જાહેર કરવામાં આવ્યું તે બદલ સમાજવતી ખૂબ ખૂબ આભાર માનું છું.

આમ, આજની સાધારણસભા ખૂબ જ શાંતિપૂર્ણ અને સંપન્ન થવામાં સર્વે સભ્યોનો સાથ અને સહકાર મળ્યો એવો જ સાથ સહકાર સમાજના વિકાસલક્ષી પ્રોજેક્ટોને સફળ બનાવવામાં મળી રહે તેવી અપેક્ષા સહ.

આપનો

યોગેશ શુક્લ, મંત્રી

# વાર્ષિક સાધારણ સભા, તા.૦૧-૦૫-૨૦૨૨ની લાક્ષણિક તસ્વીરો


















# વાર્ષિક સાધારણ સભા, તા.૦૧-૦૫-૨૦૨૨ની લાક્ષણિક તસ્વીરો


















સર્વે શ્રી બંધુઓ, ભગિનીઓ,

જેમ આપણે વૉટ્સએપમાં સમસ્ત શ્રીગૌડ જીવનસાથી ગ્રુપ બનાવેલ છે. હવે શ્રીગૌડ જાગૃતિના પી.ડી.એફ. અંકમાં લગ્નોત્સુક યુવક-યુવતિઓના ફોટોગ્રાફ્સ સાથેનો બાયોડેટા જાહેરાત તરીકે મૂકવા માટેનો નવો વિભાગ શરૂ કરવામાં આવી રહ્યો છે. તો આ બાબતે રસ ધરાવતા જ્ઞાતિબંધુઓએ નીચે આપેલ ફોર્મેટમાં બાયોડેટાની વિગતો, કલર ફોટોગ્રાફ્સ સાથે તંત્રીશ્રી પ્રિ.ડૉ. બંસીધર ઉપાધ્યાય, મો. ૯૮૨૪૪૦૬૩૮૧ અથવા શ્રી જયંતભાઈ જોષી મો. ૯૬૦૧૯૯૫૫૬૭ને મોકલી આપી કન્ફર્મેશન લઈ લેવું. જાહેરાતનો દર રૂ. ૨૦૦ અડધા પેજનો રહેશે.

યુવક/યુવતિનું નામ :
મોબાઈલ નંબર :
ઈ-મેઈલ :
જન્મ તારીખ :
જન્મ સમય :
જન્મ સ્થળ :
અભ્યાસ :
હાલનો વ્યવસાય :
માસિક આવક :
ઉંચાઈ :
વજન :
મંગળ દોષ :

શનિ દોષ :
બ્લડ ગ્રુપ :
શારીરિક ક્ષતિ :
વૈવાહિક દરજ્જો :
પેટા જ્ઞાતિ :
ગોત્ર :
મૂળ વતન :
પિતાનું નામ :
માતાનું નામ :
કાયમી સરનામું :
ભાઈ/બહેનની વિગત :



સમસ્ત શ્રીગૌડ સમાજ,ગુજરાત દ્વારા આયોજિત શરદઉત્સવ તા.8.10.22 સાંજે7.30 વાગ્યે
ગરબાનું આયોજન પ્રીતિ ભોજન સાથે યોજવામાં આવેલ છે.
સૌ શ્રીને પધારવા હાર્દિક નિમંત્રણ....
**સ્થળ : સરદાર પટેલ સેવા સમાજ, મીઠાખળી**
- પ્રમુખ શ્રી કમલેશભાઈ પાઠક



આપને ત્યાં સારા-નરસા પ્રસંગે જાગૃતિને દાન આપો અને અપાવો. વિગતો નીચે મુજબ છે.

## ખાસ નોંધ : બેંકની વિગત નોંધી લેશો.

એકાઉન્ટ નામ : સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.
એકાઉન્ટ નંબર : ૩૦૧૨૧૮૩૯૦૯૨
બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બ્રાંચ : પ્રગતિનગર (૦૮૦૫૩)
**IFS Code : SBIN0008053**

**E-mail - shreegaudjagruti2019@gmail.com**
**Website - https://samastshreegaudsamajgujarat.org**
**Facebook- https://www.facebook.com/samastshreegaudsamaj/**
ઑફિસનું સરનામું : સી-૨૧૨, દેવ ઓરમ, પ્રહ્લાદનગર, આનંદનગર રોડ, અમદાવાદ.

# પૂજ્ય તરૂલતા હર્ષદરાય પાઠકની

## પાંચમી પુણ્યતિથિએ પુણ્યસ્મૃતિ




કાલે ફળીના ચોખટે જઈ સાદ દઈ બોલાવતી,
આજ મૂંગી આંખડી, મારા દિલે બિરાજતી.

તારે પ્રતાપે આ જીવનની, સ્લેટ પર લખતો રહ્યો,
કાળજાની ડાયરી તું, માતને ઉલ્લેખતી.
આવી નડે અવઢવ અહીં, તારે સહારે દોડતો,
રાહના કંટક વીણી તું, દુઃખ પંડે વેઠતી,
સંસારમાં મિત્રો મળે, સૌં સ્વાર્થ સાથે લાવતા,
માત તું ઈશ્વર તણી મૂરત, જગે જય આપતી

દેખી નથી મા અંબિકા, ના દેખીયાં જગદંબિકા,
હૂંફની માતા કલા, જનની તરૂ વરદાયિની.

**- હર્ષદ મ.પાઠક (હમદમ)**

**લાડલી સ્વસ્તિ**
**અદિત, આશા-ઈશીત, ઋત્વા-મોનાર્ક, ઉદિત, વિનીત**
**સોન્યા-કલ્પેશ, વંદના-રવિ, કેતકી-હિતેશ, હિના-જયેશ**

# KNEE BRESS CAMP @ AHMEDABAD

સમસ્ત શ્રીગોડ સમાજ ગુજરાત અને શ્રીગૌડ વૈશ્વિક (વોટ્સએપ ગૃપ) દવારા સંયુક્ત રીતે ઘૂંટણની તકલીફ હોય અને ઘૂંટણ પ્રત્યાર્પણ(knee-replacement)નું ઓપરેશન ન કરાવવા ઇચ્છતા વ્યક્તિઓ માટે (PNR સોસાયટી અને બહેરા મુંગા શાળા, ભાવનગરની સંસ્થા દ્વારા) બ્રેસ પટ્ટા બનાવી આપવા માટે તેમજ કોઈ પણ પ્રકારની દિવ્યાંગતા (disability) માટે કૃત્રિમ અંગો બનાવવા માટેનો કેમ્પ અમદાવાદ ખાતે આયોજિત થવા જઈ રહ્યો છે. જેમાં રજિસ્ટ્રેશન ફી ઉપરાંત (૧) એક નંગ બ્રેસ પટ્ટાની કિંમત રૂ.૧,૬૨૫/- અને (૨) દિવ્યાંગ વ્યક્તિઓ માટે કૃત્રિમ અંગો બનાવવા ડૉકટર દ્વારા માપ લઈ તેનો ખર્ચ અને સમય જણાવવામાં આવશે. જેનો ઓર્ડર આપતી વખતે જણાવેલ કિંમત જમા કરાવવાની રહેશે. કેમ્પનું સ્થળ, કેમ્પ ની તારીખ અને  કેમ્પમાં હાજર થવાનો સમય નકકી થયે જણાવવામાં આવશે. રજિસ્ટ્રેશન માટે :- રૂ.૫૦૦/- (Non-Refundable) સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના A/c no. 30121839092 - સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, પ્રગતિનગર - આઈ.એફ.એસ. કોડ - SBIN0008053 માં જમા કરાવી તેનો સ્ક્રીન શોટ શ્રી પ્રવીણભાઈ પુરોહિત વોટ્સએપ નમ્બર +91-9824358297 ઉપર મોકલી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને જેઓએ રોકડા આપી રજિસ્ટ્રેશન કરાવવું હોય તેઓએ નીચેના પ્રતિનિધિઓને રકમ ચૂકવીને પોતાનું નામ અને મોબાઈલ નંબર નોંધાવવા વિનંતી છે.

(૧) યોગેશ શુક્લ - 9824058799   (૨) પ્રવિણ પુરોહિત - 9824358297
(૩) જયંત જોષી - 9601995567   (૪) ધ્રુવ શુક્લ - 9429355653
(૫) વિપુલ દવે - 6353662257   (૬) રાજેશ દવે - 8910071279
(૭) વિનાયક દવે - 9825955712   (૮) અમિત જોષી - 8320674862

કેમ્પ નું સ્થળ અને કેમ્પની તારીખ નકકી થાય એટલે જેમનું રજિસ્ટ્રેશન થયેલું હશે તેઓને જણાવવામાં આવશે અને જણાવેલ સમયે રજિસ્ટ્રેશન નમ્બર અને આધાર કાર્ડ સાથે હાજર થવાનું રહેશે. નાત જાત ના ભેદ વગર કોઈ પણ વ્યક્તિ આ કેમ્પનો લાભ લઇ શકશે. જો કોઈ વ્યક્તિ આ કેમ્પ ને સ્પોન્સર કરવા માંગતા હોય તો રૂ. ૫૧,૦૦૦/- આપવાથી આ કેમ્પ સ્પોન્સર સૂચવે તે નામે આ કેમ્પ ને સમર્પિત કરી સૂચવેલ નામે પ્રચાર-પ્રસાર કરવામાં આવશે. જો સ્વાર્ગસ્થ ના નામે કેમ્પ સ્પોન્સર થયો હશે તો મહાલક્ષ્મી માતાના મંગલ દીપ પ્રાગટય બાદ તેમને શ્રદ્ધાંજલિ અર્પિત કરી કેમ્પની શરૂઆત કરવામાં આવશે. હયાત વ્યક્તિ સ્પોન્સર હશે તો તેમને શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવશે. રૂ.૧૧,૦૦૦/- આપી સહ-સ્પોન્સર બની શકાશે. બધાજ સહસ્પોન્સરોના નામનું લિસ્ટ કેમ્પ દરમ્યાન બોર્ડ ઉપર લખવામાં આવશે. દરેક સહ-સ્પોન્સર ને ફૂલ નો એક બુકે આપી તેમનું સન્માન કરવામાં આવશે. રૂ.૨,૫૦૦/- એક પટ્ટા ના દાતા બની શકાશે. દાતા નું પુષ્પ આપી સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમ માં સ્પોન્સર/સહ-સ્પોન્સર/દાતા સહિત નો લાભ સાર્વજનિક રીતે કોઈપણ જાતના ભેદભાવ વગર લઈ શકશે. (બ્રાહ્મણ અને બ્રાહ્મણેતર કોઈ પણ આનો દરેક પ્રકારનો લાભ લઇ શકશે.)

# ગુરુ પૂર્ણિમા

-રાજેશ પંડયા " રાજ ", અમદાવાદ

દરેકને બાળપણના,સ્કુલના મિત્રો સાથે એક જુદું એટેચમેન્ટ હોય.આજે પચાસ વરસ નજીક ઉંમર હોય તો પણ જો જો..એ " રાજીયા "શબ્દ સાંભળો એટલે .મોં માં .એ " ભરતા ".. નીકળી જ જાય. બસ આવા ,અમે સ્કુલના મિત્રોએ ,ગત ગુરુ પૂર્ણિમાએ , અમારા આઠ થી દસ ના ગણિત શિક્ષક રમાકાન્તભાઈને મળી,એમને સરપ્રાઈઝ આપી,એમને જોડે રાખી ઊજવવાનું નક્કી કયુઁ. કારણ અમારા માટે એમની ઉમદા પ્રતિભા હજુ અકબંધ અમારા મનમાં હતી.આદર હતો.

આયોજન નક્કી કરી, સૌ પોતાના કામ ધંધેથી વહેલાં આવી ગયાં. મસ્તી મજાક કરતાં , એમની ઘેર જવા સાથે નીકળ્યાં.એમની સોસાયટી પાસે પણ પહોંચ્યા. મને બધાં એ કહ્યું.." તું એમને ઘેર જા.અને બહાર બોલાવી લાવે તો સારું. પછી બધાં તારા બંગલા પર ,એમને લઈ જઈએ." " સારું "કહી હું નીકળ્યો. એમનું ઘર નજીક આવ્યું. ઝાંપો ખોલતો જ હતો. અને અ..રે..રે..હું વર્ણન ના કરી શકું... એવી સ્થિતિ આ આદર્શ શિક્ષકની જોઈ.એમનો પુત્ર નીલેશ ,એમને ઘરની બહાર નીકળી જવા કહેતો .એ વ્હિલચેર પર હતા.

હાથથી ચલાવતા, જોડે આજીજી કરતાં હતાં. હું એ ભોંઠા ના પડે એટલે તરત સામે ઘેર જોતો બહાર નીકળી ગયો. બહાર મિત્રો હા ..હા ..ઠી ..ઠી ..એ ચડેલા.મેં હાથ જોડી સૌને ચૂપ કરાવ્યાં.જોયેલ દૃશ્યની વાત કરી.બધાં ચૂપ થઈ ગયાં.

મેં એક સ્થાનિકને મારી ઓળખાણ આપી. વિશ્વાસ આપ્યો. તો એ બોલ્યો " એમનો છોકરો ખૂબ ખરાબ પાકયો છે. દારૂ, જુગાર માં એમનું આખું પેન્શન વાપરી નાંખી, બધે ઉધાર માંગતો ફરે. સાહેબના પત્નીનું ,કોરોનાની પહેલી લહેર માં અવસાન થયું. સાહેબને પેરાલિસિસનો એટેક આવે ચાર વરસ થયાં.સ્પષ્ટ બોલી

શકતા પણ નથી. છોકરાની બૈરી ખૂબ હલકી છે. હવે બંને આ ઘર કોઈ ખરાબ માણસને વેચી દેવાના છે. દેવું પૂરું કરવા. સાહેબ ના પાડે છે.. એટલે હા પડાવવા ઘણીવાર હાથ પણ છોકરો ઉપાડી લે છે. તમે કોઈ ને કહેતાં નહિ " કહી એ જતો રહ્યો.

અમે એકબીજાના મોઢા જોઈ રહ્યાં. બધી હસી મજાક દૂર.પણ પછી નક્કી કર્યું, "આ જ પછી સરને જીવનભર તકલીફ ના પડવી જોઈએ .આજે કોઈ પૂજન નથી કરવું. પણ વાસ્તવિક રીતે આ પર્વ ઊજવવો છે."

બધાં પૈસે ટકે સધ્ધર હતાં. બારે બાર મિત્રો એ ભંડોળ ભેગું કરી.. એક મારા મિત્ર કમ સ્ટુડન્ટ ,સંકેતને વાત કરી. એણે ,તરત જ પડતર ભાવમાં ફ્લેટ આપવા કહ્યું. અમે ત્રણ દિવસમાં બધી વ્યવસ્થા પણ કરી દીધી. અને રવિવારે ,સરની ત્યાં ગયાં. પગે લાગ્યાં. એમની આંખોમાં પાણી આવી ગયાં.

માડ માંડ એક બે ને  ઓળખ્યાં.પણ ઘરના એ અમને  પાણીનો પણ ભાવ ના પૂછ્યો.ઉપરથી વિરોધ કર્યો.પણ એક વકીલ મિત્રએ કેસની ચિમકી આપી એમને ચૂપ કરાવી દીધાં.

અમે સરને પૂછયું..” તમારે ફ્લેટ માં રહેવું છે કે.. અમારાં ઘેર.”

“સર કહે,” એકલા  “પણ અમે, એમના જ એક મિત્ર, જે.. છોકરો અમેરિકા હોવાથી એકલા રહેતાં હતાં.. એમને ઘેર,સરને  જોડે  રાખવા મનાવી લીધાં. ભંડોળ આપવા ,ફ્લેટ આપવા અમે સરને અને એમના મિત્રને વાત કરી. અમારામાંથી કોઈની  પણ  ઘેર રહેવા પણ આગ્રહ કરી કહ્યું. પણ સર, તૂટક તૂટક એટલું બોલ્યાં..” ગ..ગ..ગુરુ આપવામાં માને. લ..લ..લેવામાં નહીં. હું સ્વમાની છું. હજી સુધી એક રૂપિયો કોઈ નો લીધો  નથી...” અને એ રોઈ પડયાં.એ જોઈ અમે એકબીજા થી મોં સંતાડવા માંડયા. પણ કામ સફળ થયું એનો આનંદ હતો.

વાસ્તવિક રીતે  પર્વ ઉજવાતા જોયું. ના ફૂલહાર, ના ટીલા,ના ટપકાં..માત્ર ને માત્ર બધાં ના મનનો ઉમદા ભાવ જ.   હાલ ,સર મિત્રના ઘેર રહે છે. અમે એક હોસ્પિટલમાં કામ કરવા વાળી, કલ્પનાને એમના ઘેર રહેવા ,એમના  મિત્રને કહી મનાવી લીધી. એ સારી  સેવા ચાકરી કરે છે.એના પૈસા રમાકાન્ત સર આપે છે. ઉપરાંત અમે ખાનગીમાં, કલ્પના ને બધી મદદ કરીએ છીએ.એમના મિત્ર દેસાઈ  અંકલ ઉદાર જીવના,ઉમદા વ્યક્તિત્વ વાળા છે. અમને બધાં ને પ્રેમ થી ફોન કરી ,કોઈ કોઈ વાર બોલાવે છે...

એ દિવસો પછી, અમે મિત્રો ભેગાં થઈએ પણ એક મેચ્યોરિટી આવી ગઈ લાગે. શું કારણ ખબર ના પડે, પણ હા..હા.. ઠી..ઠી..ઓછા થઈ ગયાં...એ સરનું  દુઃખ હોય કે ..એમના છોકરાની હલકાઈ.. એ પકડી શકયા નથી.


## “સમસ્ત શ્રીગૌડ જીવનસાથી”

આજના સમયમાં એક પ્લેટફોર્મ પૂરું પાડી શકાય અને પોતાના જીવનસાથીની પસંદગી માટે વિશાળ ફલક મળી રહે તેમ જ આપણા સમાજના લગ્ન ઉત્સુક યુવક યુવતીનો પરિચય વોટ્સઅપ માધ્યમથી, થકી મળી રહે એવા શુભ આશયથી **“સમસ્ત શ્રીગૌડ જીવનસાથી”** વોટ્સએપ ગૃપ શરૂ કરવામાં આવેલ છે. બાયોડેટા એડમીન દ્વારા જ વોલ ઉપર મૂકવામાં આવે છે. ગૃપમાં જોડાવા તથા બાયોડેટા મૂકવા માટે નીચે આપેલ કોઈપણ એડમીનશ્રીનો સંપર્ક કરવા વિનંતી છે.

(૧) શ્રી હિતેશભાઈ ભટ્ટ (અમદાવાદ) - ૯૮૨૪૦૯૧૨૯૬
(૨) શ્રી જયંત જોષી (ગાંધીનગર) - ૯૬૦૧૯૯૫૫૬૭
(૩) પ્રિ.ડૉ. બંસીધરભાઈ ઉપાધ્યાય (અમદાવાદ) - ૯૮૨૪૪૦૬૩૮૧
(૪) શ્રી પ્રવિણભાઈ પુરોહિત (અમદાવાદ) - ૯૮૨૪૩૫૮૨૯૭
(૫) ડૉ. પ્રિતેશ શુક્લ (આણંદ) - ૯૪૨૮૪૯૧૨૨૧
(૬) શ્રી નયનભાઈ પંડિત (અમદાવાદ) - ૮૯૮૦૦૩૧૨૫૫
(૭) શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત (વડોદરા) - ૯૪૨૭૭૮૬૨૬૪
(૮) શ્રી કિરણભાઈ શુક્લ (વડોદરા) - ૯૯૭૮૯૨૦૯૮૮
(૯) શ્રી ઉદય શાસ્ત્રી (અમદાવાદ) - ૯૮૨૫૩૯૩૫૯૯
(૧૦) શ્રી આશિષ પાઠક (વડોદરા) - ૯૪૨૭૭૧૭૮૯૧
(૧૧) શ્રી પ્રશાંત પાઠક (વડોદરા) - ૯૮૯૮૨૫૪૯૭૮
(૧૨) શ્રી સંજય જાની (જામનગર) - ૯૯૨૪૪૭૨૭૦૯
(૧૩) શ્રી બંકિમ પુરાણી (વડોદરા) - ૯૯૯૮૦૦૮૩૬૬
(૧૪) શ્રી ધ્રુવ શુકલ (અમદાવાદ) - ૯૪૨૯૩૫૫૬૫૩



## ચિ. આર્ષ અલ્પેશકુમાર ઉપાધ્યાય

**એમ.એ. ફિલ્મ પ્રોડક્શન**
**ગ્રીનવીચ યુનિ. લંડન**
**(આર્ષ આપણા સમાજના પૂર્વ પ્રમુખ**
**પ્રિ.ડૉ. બંસીધર ઉપાધ્યાયના પૌત્ર)**
**હાર્દિક અભિનંદન....**

## કુ.વનશ્રી યોગેશકુમાર શુક્લ

**અંગ્રેજી લીટરેચરમાં પીએચ.ડી.ની**
**ઉપાધિ પ્રાપ્ત કરેલ છે.**
**(કુ. વનશ્રી આપણા સમાજના મંત્રીશ્રી**
**યોગેશ શુક્લ અને પ્રા. જલ્પા શુક્લની સુપુત્રી)**
**હાર્દિક અભિનંદન....**



## માસ્ક અંદરનો માણશ

માણસ છે એ, ભૈ માણસ છે,
ઢાંકેલું મોં પણ એ માણસ છે.
જુદો બ્હારથી, જુદો અંદરે એ,
કલદાર પૂજક એ કલાકાર છે.

હતું આમેય ક્યાં સાચું મુખડું,
છૂરી છુપાવી રામ એ રટતું,
આકા ઓથે ડર વિણ ભમતું,
હરીફ ડરાવી રાજ એ કરતું.

ફરતા વિષૈલ બેફામ નગરમાં,
ચૂંથતા કળીઓ પાપી ચમનમાં,
એક ચિનગારી ત્રાટકી રણમાં,
દુષ્ટ સકલ ચૂપ, ભય છે મનમાં.

હવે ના સુધર્યા, નિષ્યે પસ્તાશો,
ધર્ણ ઓઢીને જો ધર્મને હણશો.

-ધ્રુવ જોશી

## ધૈર્યમ યસ્ત પિતા, ક્ષમા ચ જનની...

રમતમાં રમત એ રમીને રમે છે, ધરમ રાજ સામે શકુની હસે છે.

મગર આંસુ મારી મસીહા બને છે, હરણ વસ્ત્રમાં ભારતીના કરે છે.

ઘણી તાડકા તોડવાને માથે છે, કરી ટૂલ કીટો ઝખમ એ કર છે.

બની દેશ દુશ્મન કિલ્લે ચઢે છે, ખઈ માલ મેવા તિરંગો અડે છે.

ભરમ જાળ છેદી ગયા પાદરેથી, હવે દેખ કેવા દલાલો ડરે છે.

-ધ્રુવ જોશી

# સ્મરણાંજલિ



## સ્વ. પ્રવિણચંદ્ર ઉમિયાશંકર મહેતા

**(મુળ વતન પેથાપુર વ્યવસાય મુંબઈ )**

**જ.તા.૧૩-૦૬-૧૯૩૨**

**અવસાન તા.૨૩-૦૭-૧૯૮૭**

તેમના દિવ્ય આત્માને ચિર શાંતિ અને મોક્ષ ગતિ અર્પે એ જ પરમકૃપાળુ ઈષ્ટદેવ અને કૃપાનિધિ શ્રી મહાલક્ષ્મી માતાને સપરિવારની પ્રાર્થના.

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥
ॐ શાંતિ: શાંતિ: શાંતિ:

કિરણ પ્રવિણચંદ્ર મહેતા　　જયેન્દ્ર પ્રવિણચંદ્ર મહેતા
વિનોદ પ્રવિણચંદ્ર મહેતા　　ગીરીશ પ્રવિણચંદ્ર મહેતા
નયનાબેન (પુત્રી)

# ફક્ત ૩૧ વર્ષે વિધુર બનેલા પિતા સામે પાંચ બાળકોને ઉછેરવાની જવાબદારી આવી પડી-નિભાવી... પિતૃદેવો ભવ...

- સત્ય ઘટના - પેથાપુર(ગાંધીનગર)

કવિ ઉમાશંકર જોષીએ કહેલું કે 'મા' નું ઋણ ચુકવવાનો હલાવો સ્વયં ભગવાન લે તો ભગવાનનું દેવાળું નીકળે, તો પછી માનું ઋણ ચુકવવાની હિંમત કોઈ માનવી તો ક્યાંથી કરી શકે? દીકરો ૮૦ વર્ષનો હોય અને મા જીવતી હોય તો એ પોતે બાળક હોય એમ જ પણ તેની બચપણમાં જ 'મા' મૃત્યુ પામે એ બાળકને જિંદગી કાયમી અધુરી જ લાગે. જગતમાં બધા દીકરા કંઈ નઠારા નથી હોતા. ક્યાંક દીકરાને શ્રવણ બનવાની હોંશ હોય પણ નાનપણમાં જ કુદરત 'મા' છીનવી લે પછી એ દીકરા કાયમ માટે જાણે રાંક બની જાય છે.

કોઈ લેખકે બહુ સુંદર વાત કરી છે કે, 'હે ઈશ્વર, ગુંજાસથી વધુ કોઈને દુઃખ આપીશ નહીં. હજુ જે બાળકે જગત જોયું નથી, જે લાડથી રડ્યું નથી, હસ્યું નથી, તેણે મા પાસે હઠ કરીને કદી કંઈ માગ્યું નથી જેને માના પ્રેમને પુરેપુરો માણ્યો નથી., જેને નાની પહેચાન થઈ નથી, હે ઈશ્વર એ બાળકને નમાયુ કરી જગતમાં ઓશિયાળુ બનાવીશ નહિ.' 'મા' એ તો પ્રભુના પ્રેમથી પુતળી છે. આપણે એવી એક સત્ય ઘટનાની વાત કરવી છે કે જે દીકરાઓએ માના પ્રેમની માત્ર વાતો સાંભળી છે. ક્યાંક કથામાં જ 'મા'ની કરૂણાનો આસ્વાદ માણ્યો છે. એવા ચાર દીકરા અને એક દીકરી જેમની ઉંમર ૧ll વર્ષથી લઈ ૧૦ વર્ષ સુધીની જ હોય તેવા બાળકો નાની ઉંમરે જ માતાની છત્રછાયા ગુમાવે તો એમના માથે કેવી વીતી હશે એ તો તે પરીવાર જ જાણે. અને ત્યારે માની ઉંમર ફક્ત ૨૮ વર્ષની હતી અને પિતાની ઉંમર ૩૧ વર્ષની હતી.

કહેવાય છે કે વિધવા મા ઘરકામ કરીને વાસીદા કરીને પણ બાળકોને ઉછેરે પણ ભરયુવાને વિધુર બનેલા બાપ બીજા વર્ષે જ નવી પત્ની લાવવાની ગોઠવણ શરૂ કરી દે... બહાનું પણ અસ્સલ હોય... નાના બાળકોની સંભાળ કોણ રાખે? પણ જગતમાં ક્યાંક ને ક્યાંક એવા દેવતાઈ અંશો પણ જોવા મળે છે જેનાથી માનવજાત ઉજળી બની છે. જ્યારે પિતાને માથે આર્થિક ઉપાર્જન અને બાળ ઉછેરની જવાબદારી આવી પડે ત્યારે ગમે તેવા કઠણ કાળજાનો માનવી પણ પારોઠના પગલા ભરી દે... પણ પ્રવિણચંદ્ર મહેતા કે જેઓ ૩૧મા વર્ષે જ વિધુર બન્યા. સાવ નાના પાંચ બાળકોની જવાબદારી માથે આવી પડી છતાં પરીવારજનો, સ્નેહીજનો કે મિત્રોની રીમેરેજ કરવાની સલાહ કાને બિલકુલ ન ધરી, મનમાં નિશ્ચય કર્યો કે બાળકોને નવી માને હવાલે નથી કરવા, અને પિતાએ મા બની બાળ ઉછેરની જવાબદારી પણ સ્વીકારી લીધી.

એક પુરુષ જ્યારે મા ની જવાબદારી સ્વીકારે ત્યારે એની સામે મોટો પડકાર આવીને ઊભો રહે છે, એની ધૈર્યતા, સહનશીલતા અને લાગણીશીલતાની કસોટી થાય છે. હંમેશા એવું જ કહેવાય કે બાળકોના ઉછેરની જવાબદારી ફક્ત મા જ નિભાવી જાણે કારણ કે પુરુષ એટલે અહંકાર, ક્રોધ અને કઠોરતાનો ખજાનો, તેવામાં સહનશીલતા, મૃદુતા ન જ આવી શકે. તે ક્યારેક અકળાઈને સમાજ કે સ્નેહીજનોના દબાણની ઓથ લઈને પણ બીજા લગ્ન જરૂર કરી લે પણ પ્રવિણચંદ્ર કંઈક જુદી જ માટીના માનવી હતા. હજુ ઘોડે ચડવાની ઉંમર હતી ત્યાં જ વિધુર બનવાનું દુર્ભાગ્ય આવ્યું પણ કુદરતના આ પડકારને

ઉપાડી લેવાનો તેમણે મનસૂબો કરી લીધો હતો. અને એક પિતાની નવતર જિંદગી શરૂ થઈ જેમાં નોકરીની જવાબદારી, ઘરની જવાબદારી, બાળ ઉછેરની જવાબદારી, સામાજિક વ્યવહારો સાચવવાની જવાબદારી, સંબંધો ટકાવી રાખવાની જવાબદારી, જાણે જવાબદારીના ગંજ ખડકાયા હતા અને આ જવાબદારી એકલા પુરુષે ઉઠાવવાની હતી અને તે પણ અગવડતાઓની વચ્ચે.

પ્રવિણચંદ્ર મહેતા એક મધ્યમવર્ગીય પરીવાર અને તેમને ચાર દીકરા અને એક દીકરી એમ પાંચ સંતાનોના ઉછેર કરવાનો હતો. ક્યારેક બાળકોની જીદ, બાળસહજ હઠ, મસ્તી તોફાન આ બધા વચ્ચે સંતુલન જાળવી રેલવેની નોકરી પણ સાચવવાની આ બધું જાણે પહાડ સાથે ટકરાવા જેવું નથી લાગતું? પણ આ ભડપુરુષે ક્યારેય હિંમત હારી નથી અને બાળકોમાં સંસ્કારનું સિંચન કરવાની જવાબદારી ગૌરવભેર નિભાવી.

પાંચે સંતાનો ઉંમર લાયક થતાં તેમનાં લગ્ન પણ ધામધૂમથી કરાવ્યા. કોઈને ધંધે તો કોઈને ગર્વમેન્ટ સર્વિસ અપાવી અને એમ કરતાં કરતાં તેમને પણ જાણે ભરયુવાનીમાં અચાનક વૃદ્ધત્વ આવવા લાગ્યું. માનવી શારીરિક અને માનસીક બેવડો થાક ઝાઝો સમય સહન ન કરી શકે. પુરુષ પોતાની પત્નીના સથવારે જિંદગીના ગમે તેવા પડકારો સામે લડવાની હિંમત કરી શકે પણ એકલે હાથે સંસારમાં ઝઝુમતો માનવી અકાળે વૃદ્ધ બની જાય તેમાં કોઈ નવાઈ નથી. અને બાળકોની જવાબદારી પુરી કરી પ્રવિણચંદ્ર ૫૫ વર્ષે સ્વર્ગમાં સીધાવ્યા. જાણે પત્નીના અધૂરા કામો પૂરા કરી ફરી એનો સાથ નિભાવવાની તેમને ઉતાવળ હતી. તેમના મૃત્યુ સમયે મોટા દીકરાની ઉંમર ફક્ત ૩૪ વર્ષ અને નાનો દીકરો ૨૫ વર્ષનો... કેવી કરુણતા? પણ છતાં પડકારો સાથે ઝઝૂમવાનું ધૈર્ય દીકારાઓ પિતા પાસેથી શીખ્યા હતા. તેમણે પણ હિંમતથી પોતાની કેડી અલગ અલગ રીતે કંડારવા માંડી. મોટા દીકારા કિરણભાઈએ સૌને સાથે રાખી પરિવારને એક સૂત્રે બાંધી રાખ્યો. ચાર દિકરાઓને અફસોસ એ રહી ગયો કે તેમના માટે જિંદગીના અમૂલ્ય વર્ષો ગુમાવી દેનાર પિતાને જિંદગીનાં અંતિમ દિવસોમાં ખૂબ જાત્રા કરાવવાની હતી તેમણે ખૂબ સુખ આપવું હતું. મા નો પ્રેમ તો તેમના માટે કલ્પનાનો વિષય હતો પણ પિતાને ભરપૂર પ્રેમ કરી શ્રવણ બનવાના કોડ હતા પણ કુદરતે આ ઈચ્છા પુરી ન કરી. દર વર્ષે માતા અને પિતાની પુણ્યતિથિએ આખો પરિવાર ભેગા મળી માતા-પિતાની સ્મૃતિમાં આંસુ સારી લેતા અને શ્રદ્ધાંજલિ આપતા. વર્ષો વીતતા ગયા અને તા. ૧૮-૧૨-૧૩નો દિવસ આવ્યો. જ્યારે માતાની પુણ્યતિથિના ૫૪ વર્ષ પુરા થતા હતા. દીકરાઓએ ભેગા મળી માતાપિતાને શ્રદ્ધાંજલિ આપવાનું નક્કી કર્યું. તેમણે માબાપનું ઋણ ચુકવવાનું હતું. ચારે દિકરા કિરણભાઈ મહેતા, જયેન્દ્રભાઈ મહેતા, વિનોદભાઈ મહેતા, ગિરીશભાઈ મહેતા અને એક બહેનનો સમગ્ર પરીવાર ભેગો થયો અને સળંગ ત્રણ દિવસ શતચંડી યજ્ઞનું આયોજન કર્યું. પુણ્યતિથિના દિવસે અશ્વિન જોશીનો "મા-બાપને ભૂલશો નહીં" નું આયોજન, બીજા દિવસે ભજન સંધ્યાનો જાહેર કાર્યક્રમ. આમ ત્રણ દિવસ સુધી ભક્તિ સભર કાર્યક્રમ દ્વારા માતાની ૫૦મી પુણ્યતિથિએ એવી ભવ્ય શ્રદ્ધાંજલિ આપી કે આખા ગામે આ કાર્યક્રમ માણ્યો. સૌના મુખે એક જ ચર્ચા હતી કે મા-બાપનું ઋણ ચૂકવવાનો આવો ભવ્ય કાર્યક્રમ અને આવી કરૂણાસભર શ્રદ્ધાંજલિ કોઈએ આપી હોય તેવું આજદિન સુધી જોયું - જાણ્યું નથી. કિરણભાઈએ આ પ્રસંગે ખૂબ લાગણીસભર થઈને કહ્યું કે અમારો મહેતા પરિવાર અમારા માતાપિતાના આશીર્વાદથી જ આટલો સુખી અને સંપન્ન છે. જિંદગીની પ્રત્યેક સમસ્યાઓમાં તેમની તસ્વીર અમને પ્રેરણા પૂરી પાડે છે. માતૃદેવો ભવઃ પિતૃ દેવો ભવઃ ।

(સમાજ ચિંતન, પોપટલાલ પ્રજાપતિ, ગાંધીનગર સમાચાર)

# સમાચાર સંચય

(૧) ચિ. જિમિત રાજેશભાઈ પંડ્યા, અમદાવાદએ ૯.૦૩ સીપીઆઈ મેળવીને એમ.એસસી. (ફિઝિક્સ) કેએસવી, ગાંધીનગરથી પૂર્ણ કરેલ છે.

(૨) ચિ. શુભમ્ કેતુલકુમાર પંડ્યા, ગોધરા (93 percentile) સાથે SSC માં ઉત્તિર્ણ થયેલ છે. ખૂબ ખૂબ અભિનંદન.

(૩) ચિ. વંશ કેયૂરકુમાર ઉપાધ્યાય(પૂર્વપ્રમુખ પ્રા.ડૉ. બંસીધર ઉપાધ્યાયના પૌત્ર), લુણાવાડા (92 percentile) માર્કે SSC માં ઉત્તિર્ણ થયેલ છે... ખૂબ ખૂબ અભિનંદન.

(૪) ચિ. હેતુલ તૃપેશકુમાર જોષી, રાજકોટ 80% થી HSC માં ઉત્તીર્ણ થયેલ છે. ખૂબ ખૂબ અભિનંદન.

(૫) ચિ. વંશ હસિતકુમાર પાઠક, ડાકોર એ પ્રખરતા શોધ કસોટીમાં ૧૭૫ મો ક્રમ મેળવ્યો છે. ખૂબ ખૂબ અભિનંદન.

(૬) શ્રીમતી કામાક્ષીબેન તરુણભાઈ પંડ્યા ની શ્રીગૌડ સાડત્રીસ વનિતા વૃંદના ઉપપ્રમુખ તરીકે નિમણૂંક થયેલ છે. ખૂબ ખૂબ અભિનંદન.

(૭) ક્લસ્ટર કક્ષાનો કલા ઉત્સવ-૨૦૨૨ માં આઝાદીકા અમૃત મહોત્સવ કાર્યક્રમ ના ઉજવણીના ભાગરૂપે પ્રાથમિક શાળાઓનું યોજાયેલ "કાવ્ય" સ્પર્ધામાં કુ. વંશિકા હર્ષિતભાઈ પાઠક, ડાકોર (ધો.-૬) એ ભાગ લઈ પ્રથમ ક્રમે ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે. ખૂબ ખૂબ અભિનંદન.

(૮) લુણાવાડા નિવાસી ડૉ. માર્કેન્ડરાય રામચંદ્ર શુક્લ અને ઈલાબેન ના સુપુત્ર ડૉ. જિજ્ઞેશકુમાર અને નિલમબેનની સુપુત્રી સંજીની એ ધોરણ -10 સેન્ટ્રલ બોર્ડમાં 93.2 % મેળવી શ્રીગોડ સમાજનું તથા ગામનું ગૌરવ વધાર્યું છે. ખૂબ ખૂબ અભિનંદન.

(૯) તારીખ ૦૪/૦૮/૨૦૨૨ ના શુભ દિવસે, કૈલાસ ધામ, મહુવા ખાતે, સંત શિરોમણી તુલસી દાસ જન્મોત્સવ ઉપલક્ષમાં "તુલસી સંગોષ્ઠિ" નું આયોજન કરવામાં આવ્યું હતું. જે દરમ્યાન, દેવશંકર દયાશંકર પંડ્યા (કાકણપુર- અમદાવાદ) ને, તેમના વાલ્મીકિ રામાયણ સંશોધન અને અભ્યાસ પૂર્ણ યોગદાન ના પરિપ્રેક્ષ્ય રૂપે, પૂજ્ય મોરારી બાપુ દ્વારા પુરષ્કૃત કરવામાં આવ્યા. પુરષ્કાર મા, વાલ્મીકિ એવોર્ડ, સૂત્ર માલા, શાલ, સન્માન પત્ર તથા રૂ. ૧,૨૫,૦૦૦/- ધનરાશિ સમાવિષ્ટ છે. આદરણિય પ્રો. ડૉ. શ્રી વિજયશંકર ભાઈ પંડ્યા ને, આપણા શ્રીગૌડ સમાજને ગૌરવાન્વિત કરવા માટે, સમાજ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

(૧૦) શ્રીગૌડ જ્ઞાતિ 135 આદ્ય પક્ષ નાં સ્વ. શ્રી ભાનુભાઇ જયશંકર પંડ્યા ના સુપુત્ર શ્રી ધર્મેશભાઈ ત્થા પૌત્ર સ્તવન નું દિવ્યભાસ્કર દ્વારા તેઓની શ્રી કે. જે. આઈટી કોલેજ, સાવલી નાં સફળ શિક્ષણ સંસ્થા નાં વડા તરીકે સન્માન કરવામાં આવ્યું.

(૧૧) શ્રી ગૌડ પ્રગતિ મંડળ અમદાવાદ દ્વારા બળેવ નિમીત્તે યજ્ઞો પવિત બદલવાનો કાર્યક્રમ ઘોડાસર રણછોડ જી મંદીર ખાતે યોજવામાં આવ્યો હતો તેમાં આજુબાજુ ના શ્રીબંધુ ઓ એ ઉત્સાહ ભેર ભાગ લઈ ને કાર્ય ક્રમ ને સફળ બનાવ્યો હતો મુખ્ય યજમાન પદે ,,: પ્રમુખ શ્રી મુકેશભાઈ શાસ્ત્રી બિરાજમાન હતા શાસ્ત્રી શ્રી. પ્રશાંતભાઈ દવે કે જે આપણા ધનસુરા ના વાતની અને શિક્ષણ ખાતા ગાંધી નગર ખાતે સંકળાયેલા એવા આપણા શ્રી બંધુએ ગાંધીનગર થી આવી ને આચાર્યપદ શોભાવ્યું હતું

(૧૨) શ્રેયા પ્રદીપકુમાર જોષી એમ.એસ.સી. (PHN) Public Health Nutrition એમ.એસ. યુનિવર્સીટી વડોદરા 82.5% A ગ્રેડ માં પાસ થયેલ છે. ખૂબ ખૂબ અભિનંદન.

(૧૩) ધૈર્ય વિજયકુમાર ઉપાધ્યાય ઈન્ટીગ્રેટેડ લો ફાયનલ પરીક્ષામાં હાયર સેકન્ડ કલાસ સાથે પાસ કરેલ છે. ખૂબ ખૂબ અભિનંદન.

(૧૪) ચિ.વંશ તન્મય શુક્લ s.s.c. board માં 98 પર્સન્ટાઇલથી ઉતીર્ણ થયેલ છે. ખૂબ ખૂબ અભિનંદન.

(૧૫) ડૉ. હિમાની દીપકકુમાર દવે, એમ.ડી.એસ.માં પ્રથમવર્ગ પ્રાપ્ત કરેલ છે. ખૂબ ખૂબ અભિનંદન.

(૧૬) આપણા શ્રી સમાજના યુવાધન પૈકી તેજસ્વી તારલામાંના એક એવા શ્રી અલયકુમાર પંડ્યા કે જે શ્રીગૌડ પ્રગતિ મંડળ, અમદાવાદ-ગુજરાતના કારોબારી સદસ્ય શ્રી મંયકભાઈ તથા શ્રીમતી દામિની બહેન પંડ્યાના સુપુત્ર છે, તેમના ઉચ્ચ શિક્ષણ હેતુ અમેરિકા ગમન પ્રસંગે, મંડળવતી પ્રમુખ શ્રી મુકેશભાઈ શાસ્ત્રી, ઉપપ્રમુખ શ્રી કૃષ્ણકાંતભાઈ ઉપાધ્યાય, મંત્રીશ્રી વિનયકાન્તભાઈ દવે, શ્રી કુમુદચંદ્ર દવે દ્વારા ગૌરવ-સન્માન પ્રતિક અર્પણ કરવામાં આવેલ છે. સમાજ ગૌરવાન્વિત થયાની લાગણી અનુભવે છે.

(૧૭) સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના મંત્રીશ્રી યોગેશભાઈ શુક્લની દીકરી ચિ.વનશ્રી શુક્લએ અંગ્રેજી લિટરેચરમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે, સમાજ તરફથી હાર્દિક અભિનંદન.

(૧૮) શ્રી શ્રીગોડ પ્રવાળીયા પ્રકાશ મંડળની તા.૨૧/૦૮/૨૦૨૨ને રવિવારના રોજ મળેલ સામાન્ય સભામાં શ્રી સુનીલકુમાર વાય. ભટ્ટ (૯૪૨૬૫૫૨૧૬૨), પ્રમુખ, શ્રી અતુલભાઈ વાય. જોષી (૯૯૨૫૨૦૮૫૫૭), ઉપપ્રમુખ, શ્રી અંકીતભાઈ બી. પંડ્યા (૯૯૭૯૮૫૪૩૭૪), મંત્રી, શ્રી આશીષભાઈ એન. પંડ્યા (૯૯૯૮૮૧૬૮૦૩), ખજાનચી અને શ્રી રાજુલકુમાર એસ. પંડ્યા (૯૬૦૧૨૮૦૪૩૦), તંત્રી તરીકે ચૂંટાયેલા છે.

(૧૯) શ્રી સોળગામ શ્રીગૌડ મેડતવાળ બ્રાહ્મણ જ્ઞાતિ સમાજનો સાતમો સમૂહ યજ્ઞોપવિત સમારોહ પેથાપુર મુકામે તા. ૧૩-૦૫-૨૦૨૨ના રોજ શ્રી હર્ષદભાઈ દેવશંકર ત્રિવેદી પરિવારના સંપૂર્ણ સહયોગથી યોજાઈ ગયો, જેમાં દશ બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવ્યા.

# શરદપૂનમ

-ધ્રુવ જોશી

આમતો દર વર્ષે અમારા પપ્પાના મિત્રને ત્યાં અમે ત્રણ-ચાર ફેમિલી શરદ પૂનમની સાંજે મળીએ, ધમાલ મસ્તી દુધ પૌંઆ અને અંતાક્ષરી વી.વી. રમતો નો કાર્યક્રમ જામે,ત્યાર બાદ જુવાનિયાઓ શરદ પૂનમના રાસ ગરબા રમવા નીકળી પડે.પપ્પાના આ મિત્ર એટલે અમારા શરદ કાકા,આ પ્રોગ્રામના કાયમના હોસ્ટ કારણકે કાકીનું નામ પૂનમબેન.આમ શરદપૂનમ ઉત્સવના તમામ રાઈટ્સ તેઓના. શરદપૂનમનો તહેવાર શરદપૂનમને ત્યાંજ એવી હળવી મજાક સૌ વડીલો કરે.

શરદ પૂનમ એ ઉલ્લાસ અને રાસનો દિવસ ;દિવસ તો કહેવા ખાતર , શરદપૂનમની રાત જ દિવસ કહેવાય.શ્રી કૃષ્ણએ જમુના કિનારાના પ્લોટમાં" મહારાસ" યોજયો હતો તે દિવસ એટલે શરદ પૂનમ.આ વર્ષે દુર્ભાગ્યે અમારા પુનમકાકીને કોરોના ઉપાડી ગયો.જેમ આ વર્ષે નવરાત્રી શિવરાત્રી જેવી લાગતી હતી તેમ આ મહારાસ જાણે "મહાત્રાસ" જેવો જશે એવું અમે માનતા હતા.પરંતુ શરદકાકા એ બધાને કહ્યું પૂનમને મળવા આજે બધાએ મારે ત્યાં આવવાનું છે.બધાની ખુશી ડિસ્ટર્બન થાય એટલા માટે પોતાનું દુઃખ જણાવવા ના દે તે વડીલ.અમે ખુશ થયા અને પ્રોગ્રમની જવાબદારી સૌએ ઉઠાવી લીધી.એટલામાં કોઈકે કહ્યુકે આજે સાંજે છ વાગે સફેદ બાલગુચ્છમાં પૂનમના ચાંદ જેવા શોભતા આપડા વાળા પ્રધાન રાષ્ટ્રને સંબોધિત કરવાના છે.ધ્રાસ્કો તો પડેજને ! તાલિ,થાળી હવે કદાચ બેન્ડના બજાવી દે!

બોલી બોલીને બોલ્યા.......કોરોના હજુ ગયો નથી.બસ વડીલોએ આ પકડી લીધું અને રાસ ગરબાને રાષ્ટ્રભક્તિ સાથે જોડી દીધું અને એનાઉન્સ કરી દીધું આ વખતે બસ સમજીને ઘરમાંજ રહેવાનું.

વષો પછી ના શરદ ના પૂનમ ,ના ચંદ્રેશ,ના ચાંદની અરરરરર ! ધાબા નિસ્તેજ ,ગરબા ગ્રાઉન્ડ સૂના અને દીવ,દમણના દરિયા સૂના !!!! અરરરરર ,આ શ્વેત વસ્ત્રધારી સન્યાસીએ સાંજે છ વાગે કૈક સારું એનાઉન્સ કર્યું હોત તો ઈમૂયુનિટીને ખાસ અસર થયા વિના ઈકોનોમી કેટલી સુધરી ગઈ હોત.મહાન ગરબા ગાયકો જેવાકે ફાલ્ગુનીબેન,અતુલભાઈ,કૈરવીબેન ,વત્સલાબેન વી.વી ને અમીરી રેખા મૈનટૈન કરવાની તકલીફ ના પડી હોત.કેટલાય જુવાનિયાઓ શરદ પૂનમના રાસ પછી પ્રપોઝ કરવાના ખ્વાબમાં હતા તે નિરાશ ના થયા હોત.તેઓએ પણ અર્થતંત્રને મજબૂત બનાવાવમાં લગ્ન અને હનિમૂનના આયોજન કર્યા હોત.

એક છોટાસા જંતુ સાલા ઈન્સાનકો ..........બના દેતા હૈ ;આ ડાયલોગ કોરોના અથવા તેનો બાપ સાંભળી ગયા હશે તેથી જ આખી દુનિયામાં વુહાનથી જઈને ન્યુ નોર્મલ શીખવા વુહાન પધારવાનું નિમંત્રણ પાઠવ્યું.


ખેર અમે આ વખતે સાંજે ડિનર માટે શરદકાકાને અમારા ઘરે બોલાવ્યા હતા.અમે છુટા પડતી વેળા શરદકાકાની આંખમાંથી નીકળતું પૂનમના ચાંદ જેવું અશ્રુબિંદુ જોયું છતાં તેમણે કહ્યું રાષ્ટ્ર માટે ફરસાણ અને ગરબાનો ત્યાગ કરે એજ સાચો ગુજરાતી.હવે આવતી સાલ તમે શરદ પૂનમનું આયોજન કરજો હુંઅઠવાડિયા પહેલા દિલ્હી જઈશ તેમને લઈને સી-પ્લેન દ્વારા શરદપૂનમની સવારે જ સાબરમતીમાં લેન્ડ થઇ જઈશ.

અસ્તુ


# દિવંગત થયેલ 'શ્રી' બંધુઓની યાદી

સ્વ. ગીતાબેન પ્રદ્યુમનભાઈ જોશી, અમદાવાદ
સ્વ. પ્રદીપકુમાર બાલકરામ પંડ્યા, મુંબઈ
સ્વ. હીરકભાઈ પંકજકુમાર દવે, વડોદરા
સ્વ. રીંકલ વિનોદચંદ્ર દવે
સ્વ. સરોજબેન જયેન્દ્રપ્રસાદ શુક્લ, અમદાવાદ
સ્વ. જગદીશચંદ્ર સોમેશ્વર જોશી, કાલોલ
સ્વ. ફાલ્ગુનીબેન નીતિનભાઈ ઉપાધ્યાય, અમદાવાદ
સ્વ. ગૌરાંગ હર્ષદરાય પાઠક, અમદાવાદ
સ્વ. મયંકભાઈ ગુણવંતલાલ પાઠક, સેવાલીયા
સ્વ. ઊર્મિલાબેન ભાનુપ્રસાદ વ્યાસ
સ્વ. અતુલભાઈ નંદુપ્રસાદ જોષી, કપડવંજ
સ્વ. ઉષાબેન જ્યોતિન્દ્રભાઈ દવે, કાંકણપુર
સ્વ. જયેન્દ્રબાળા લાલજીભાઈ પંડિત, અમદાવાદ
સ્વ. પદમાબેન મધુસુદનભાઈ ભટ્ટ, કાલોલ
સ્વ. શશિકલાબેન હરિશચંન્દ્ર દવે, ઝાલોદ
સ્વ. મૌલેશભાઈ મુકુંદભાઈ દવે, અમદાવાદ
સ્વ. કલ્પેશભાઈ વિષ્ણુપ્રસાદ શુક્લ, અમદાવાદ
સ્વ. મીનાબેન અનંતરાય દવે, અમદાવાદ
સ્વ. રશેષકુમાર મણીલાલ પંડયા, નડિયાદ
સ્વ. અન્નપૂર્ણાબેન નર્મદાશંકર શુક્લ, કંજરી
સ્વ. નરહરિ ગિરજાશંકર પાઠક, ન્યુઝીલેન્ડ
સ્વ. ગીરીશચંદ્ર ગીરજાશંકર દવે, અમદાવાદ

સ્વ. અનુરાધાબેન મધુકરભાઈ ધ્રુવ, અમદાવાદ
સ્વ. લીલાબેન ઈન્દુલાલ જોષી, લુણાવાડા
સ્વ. વાચિનીબેન ચૈતન્યભાઈ ત્રિવેદી (શાસ્ત્રી), અમદાવાદ
સ્વ. દીપાબેન ધર્મેશભાઈ ભટ્ટ, રાજકોટ,
સ્વ. કાંતાબેન નરહરિભાઈ પાઠક, વડોદરા
સ્વ. ભરતભાઈ ચીમનલાલ ત્રિવેદી, રાજકોટ
સ્વ. કલ્પેશકુમાર દેવેન્દ્રપ્રસાદ દવે, નડિયાદ
સ્વ. ઉષાબેન દેવદતભાઈ જોષી, કાલોલ
સ્વ. અરુણકુમાર હરિલાલ ભટ્ટ, રાજકોટ
સ્વ. નટવરલાલ દેવશંકર જોષી, કોઠારીયા
સ્વ. રાજેન્દ્રકુમાર ગિરજાશંકર ભટ્ટ, રાજકોટ
સ્વ. ઈલાબેન કમલેશભાઈ પંડ્યા, રાજકોટ
સ્વ. યામીનીબેન રિદ્ધીષભાઈ પંડ્યા, વડોદરા
સ્વ. હર્ષિદાબેન રાજેન્દ્રભાઈ ભટ્ટ, રાજકોટ
સ્વ. ચેતનભાઈ ચંદુલાલ ભટ્ટ, રાજકોટ
સ્વ. હિરાબેન દુર્ગાશંકર મહેતા, ગોંડલ
સ્વ. ગુંજનકુમાર રાજગોર, ગાંધીધામ
સ્વ. રમાબેન દિલીપભાઈ શુક્લ, મુંબઈ
સ્વ. હર્ષદભાઈ નરહરિભાઈ દવે, મુંબઈ
સ્વ. અરુણાબેન જયસુખલાલ ભટ્ટ, રાજકોટ
સ્વ. નલીનભાઈ રમણલાલ જોષી, અમદાવાદ



**દિવંગત થયેલ દિવ્યાત્માઓને**
**પ્રભુ શાશ્વત શાંતિ અર્પે એવી પ્રાર્થના.**
**ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ**



Spectrum Aatithya

An ISO 9001 : 2015 Certified Company

- Corporate Servive Apartment






- Company Guest House Management





- Hotel Apartments/Resorts
- House Keeping Services



## OUR CLIENTS

Bite By Bite

- Riverfrunt Restourant




Email : info@spectrumaatithya.com
Website : www.spectrumaatithya.com

Mr. NILESH SHUKLA
Email : nilesh.shukla@spectrumaatithya.com
# 99748 44949

• Ahmedabad • Mumbai • Gurgaon • Indore • Pune • Bengaluru • Ranchi • Kolkatta

Spectrum Aatithya, Sopan Life Style, Near Seema Hall, Opp. M.G. Partyplot, Jodhpir, Ahmedabad-380015.